પરફોર્મન્સ બોન્ડ તથા જામીન અનામત પેટે બેંક ગેરેન્ટી મેળવવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક: ટીએનસી-૧૦-૨૦૧૩-૩-(ભાગ-૧)-સ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯-૧૧-૨૦૧૩

વંચાણે લીધો પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦૯૧/આઈબી/(૧૦)/(૧૧)/સ તા.૩૧-૩-૧૯૯૯

**આમુખ:-**

વંચાણે લીધેલ પરિપત્ર મુજબ હાલમા ૧૫ લાખ કે તેથી વધુ રકમની કામો માં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાની જોગવાઈ છે. પરંતુ હવે મોટા ભાગના કામો ૧૫ લાખ થી વધુ રકમના હોય છે અને ચાલુ મરામતના કામો પણ હવે ૧૫ લાખ થી વધુ રકમના હોય છે. આ બાબતે કોન્ટ્રાકટર્સ એસોસીએશન તરફથી પણ પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમ ની મર્યાદા વધારવા માટેની રજુઆત કરવામા આવેલ છે. આથી વહિવટી સરળતા અને અનુકુળતા જળવાય તે હેતુસર પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમમાં ફેરફાર કરવાનુ સરકારશ્રીની વિચારણા હેઠળ હતું

**પરિપત્ર:-**

પુખ્ત વિચારણાને અંતે નક્કી થયેલ છે કે હવે રૂ.૧૫ લાખ કે તેથી વધુ રકમને બદલે રૂ.30 લાખ કે તેથી વધુ રકમ ના સરકારી કામોમાં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાના રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ પર નાણાંવિભાગની તા.૨૨-૯-૧૩ ના રોજથી મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી)
(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ